# Std 11 Gujarati Textbook Solutions Chapter 21 વિસામો

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. કવિ કેવા માર્ગો ઉલ્લંઘવાના કહે છે?**

ઉત્તરઃ

“વિસામો’ કાવ્યના કવિ ભુલામણા માર્ગો ઉલ્લંઘવાના કહે છે.

**પ્રશ્ન 2. આફતનો ટેકરો કવિ કેવી રીતે પાર કરવાનું કહે છે?**

ઉત્તરઃ

આફતનો ટેકરો કવિ હિંમતથી પાર કરવાનું કહે છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. જીવનમાં આવતાં સંકટોનો કેવી રીતે સામનો કરવાનું કવિ કહે છે?**

ઉત્તરઃ

જીવનમાં અનેક સંકટો આવશે. એ સંકટોનો સામનો કરતાં થાકી જવાશે, પણ એ સંકટો સહન કરીને, તેમનો હિંમતથી સામનો કરવાનું કવિ કહે છે.

**પ્રશ્ન 2. હિમ્મત ન હારજે તું કયાંયે એમ કવિ શા માટે કહે છે?**

ઉત્તરઃ

મનુષ્ય જીવનના ભુલામણા માર્ગો ઉલ્લંઘવાના છે, ગરીબોનાં જીવન સુધારવાનાં છે. આ બધાં કાર્યો કરવામાં અનેક મુસીબતો આવે, તેથી કવિ “હિમ્મત ન હારજે તું ક્યાંયે” એમ કહે છે. આ બધાં કાર્યો હિમ્મત રાખીને કરજે, તેમ કવિ કહે છે.

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

‘વિસામો’ કાવ્યના શીર્ષકથી યથાર્થતા તપાસો.

ઉત્તરઃ

‘વિસામો’ કાવ્યમાં કવિ માનવીને એકલપંડે વિસામો લીધા વિના અન્યને વિસામો આપવાનું કહે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જીવનનો પંથ સુંવાળો નથી. તે પંથે ચાલતાં રસ્તામાં અનેક વિટંબણાઓ આવશે, ભુલામણા માર્ગ આવશે, પણ તે બધાને સહન કરીને પણ આગળ વધવાનું છે; વણખેડ્યાં ખેતરો ખેડવાનાં છે. આમ કરવામાં થાક લાગશે, પણ તારે વિસામો લેવાનો નથી, તારે અન્યને સુખી કરવાના છે, તેમને આશ્વાસન આપવાનું છે, તેમને મદદ કરવાની છે, તેમને વિસામો આપવાનો છે.

આમ, કાવ્યનું શીર્ષક વિસામો યથાર્થ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in